મોડલ પ્રિઝન મેન્યુઅલ-૨૦૧૬ નો
સ્વીકાર કરવા અંગે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંકઃજલક/૧૭૨૦૧૬/૮૩૭/જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ૮/૦૯/૨૦૨૨.

વંચાણે લીધાઃ (૧) ગૃહ મંત્રાલય, ભારત સરકારનો તા.૩૦/૦૫/૨૦૧૬નો પત્ર
(૨) વિભાગના તા.૧૨/૦૪/૨૦૧૮નો સરખા ક્રમાંકનો પત્ર
(૩) અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના તા.૨૪/૦૯/૨૦૨૨ના પત્રક્રમાંક:-ખાસ-૧/૧૧૨૮/૨૦૨૧

:: પ્રસ્તાવના ::

નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ suomoto રિટ પિટિશન "સી" નંબર–૪૦૬/૨૦૧૩, RE: In Human Condition in 1382 Prison ના અનુસંધાને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રિવાઇઝ મોડલ પ્રિઝન મેન્યુઅલ-૨૦૧૬ તૈયાર કરી દરેક રાજ્યોને વંચાણે લીધેલ ક્રમાંક:૦૧ માં દર્શાવેલ પત્રથી મોકલી આપેલ હતું. ભારત સરકાર દ્વારા જેલોની સુધારણાનો વિષય રાજય સૂચિમાં હોવાથી દરેક રાજયને મોડલ પ્રિઝન મેન્યુઅલ મોકલીને સમગ્ર દેશમાં જયારે પ્રિઝન મેન્યુઅલ દાખલ કરવામાં આવે ત્યારે મહદંશે એકસૂત્રતા જળવાય તે હેતુથી આ મેન્યુઅલ મોકલવામાં આવ્યું છે. આ મેન્યુઅલમાં રાઇટ એન્ડ ડયુટી ઓફ પ્રિઝનર્સ હેઠળ કેદીઓને બંધારણીય રીતે મળવાપાત્ર હકકો પણ દર્શાવવામાં આવેલ છે. સમાન પ્રકારે સમગ્ર દેશમાં જેલ અંગેનો કાયદો અમલમાં આવે તે માટેના હેતુઓ, ઉદેશ્યો અને મોડાલિટિશને પણ આ મોડલ પ્રિઝન મેન્યુઅલમાં દર્શાવવામાં આવેલ છે. આ મેન્યુઅલમાં કુલ- ૩૨ અલગ અલગ પ્રકરણો છે. ભારત સરકાર ધ્વારા મોકલવામાં આવેલ મોડલ પ્રિઝન મેન્યુઅલની પ્રાથમિક ચકાસણી કરી વંચાણે લીધેલ ક્રમ:૦૨ સામે દર્શાવેલ પત્રથી કેટલીક જોગવાઇઓ રાજય સરકાર સ્વીકારવા સૈદ્ધાંતિક રીતે તૈયાર થયેલ છે તેની જાણ ભારત સરકારને કરવામાં આવી હતી. તેમ છતાં આ મેન્યુઅલની જોગવાઇઓનો યોગ્ય ચકાસણી બાદ સ્વીકાર થાય તે માટે વર્ષ-૨૦૧૯માં જેલ ખાતાના અધિકારીઓ, રક્ષા શક્તિ યુનિવર્સિટી તેમજ GNLU યુનિવર્સિટીના જેલ વિષયના નિષ્ણાતની સમિતિ રચવામાં આવી હતી અને તેની ભલામણો મેળવવામાં આવી હતી. આ સમિતિની ભલામણો જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી દ્વારા વંચાણે લીધેલ ક્રમ:૦૩ સામે દર્શાવેલ તા.૨૪/૦૯/૨૦૨૧ના પત્રથી સરકારને મોકલી આપેલ હતી. આમ, સમિતિની ભલામણો મળ્યા બાદ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓએ પણ ચેપ્ટર વાઇઝ ચકાસણી કરી રિમાર્ક્સ આપેલ હતા. આમ, સમિતિની ભલામણો, જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીની ભલામણ તથા ઉચ્ચ અધિકારીઓની ભલામણો વિગેરેને ધ્યાને લઇ મોડેલ પ્રિઝન મેન્યુઅલ-૨૦૧૬ સ્વીકારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

:: ઠરાવ ::

રાજ્યમાં અમલી બોમ્બે જેલ મેન્યુઅલ-૧૯૫૫ અને ત્યારબાદના સુધારાઓના સ્થાને ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ મોડેલ પ્રિઝન મેન્યુઅલનો આ સાથે સામેલ એનેક્ષરમાં ઉલ્લેખ કર્યા મુજબ નીચેની શરતોને આધીન સ્વીકાર કરી તેનો અમલ કરવાનું કાળજીપૂર્વકની વિચારણા બાદ આથી ઠરાવવામાં આવે છે.

:: શરતો ::

(૧) "મોડલ પ્રિઝન મેન્યુઅલ ૨૦૧૬"નો આંશિક ફેરફારો સાથે સ્વીકાર કરવામાં આવે છે પરંતુ દરેક પ્રકરણમાં સૂચવવામાં આવેલ જોગવાઇઓ બાબતે નિયમો બહાર પાડવા માટે જેલ ઓથોરીટી દ્વારા વિભાગના પરામર્શમાં નિયમો ઘડવાના રહેશે.

(૨) "મોડલ પ્રિઝન મેન્યુઅલ ૨૦૧૬"નો સ્વીકાર કરવાથી જ્યાં માળખાકીય ફેરફારો થતા હશે તેટલા પૂરતી વિભાગની પૂર્વ મંજૂરી લઈ ફેરફારો કરવાનો રહેશે.

(3) "મોડલ પ્રિઝન મેન્યુઅલ ૨૦૧૬"નો સ્વીકાર કરવાથી જ્યાં આર્થિક નાણાકીય ભારણ વધતું હોય તેવી બાબતો અલગથી તારવી વિભાગ મારફત સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

(૪) "મોડલ પ્રિઝન મેન્યુઅલ ૨૦૧૬"નો સ્વીકાર કરવાથી સરકારની પ્રવર્તમાન કોઇ નીતિ કે કાયદાકીય જોગવાઇઓને કારણે વહીવટી કે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ જણાય તો વિભાગની મંજૂરી અચૂક મેળવવાની રહેશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૫.૯.૨૦૨૨ ના રોજ મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

બિડાણઃ- એનેક્ષચર.

નકલ રવાના:
-માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, જેલ ભવન, અમદાવાદ
-તમામ જેલ અધિક્ષકો (જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી મારફત)
-ગૃહ વિભાગના તમામ અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ ઉપ સચિવશ્રી.
-સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ

## Annexure

| ક્રમ | મોડેલ પ્રિઝન મેન્યુઅલ-૨૦૧૬ના પ્રકરણ નંબર અને તેની વિગતો | મોડેલ પ્રિઝન મેન્યુઅલ-૨૦૧૬માં સુધારા સાથે સ્વીકાર કરેલ પ્રકરણ નંબર અને વિગતો |
|---|---|---|
| ૧ | Chapter I : Definitions<br>વ્યાખ્યાઓ | Chapter I : Definitions<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૨ | Chapter II : Institutional Framework<br><br>નિયમ નં.૨.૦૯.૧<br>...છતની ઉંચાઇ ૧૧ ફુટ કરતા ઓછી ન હોવી જોઇએ.<br>નિયમ નં.૨.૦૯.૧૧<br>... ફસ્ટ એઇડ કીટ નકકી કરેલ કેદી પાસે હોવી જોઇએ...<br>નિયમ નં.૨.૧૨.૨<br>રસોડાની જગ્યા ૧૦૦ કેદીઓ દીઠ ૧૫૦ ચો.મી. હોવી જોઇએ.<br><br>નિયમ નં.૨.૧૩.૧<br>... જેલની સમાવેશ ક્ષમતાના ૫% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ હોવી જોઇએ....<br><br>નિયમ નં.૨.૧૪.૨<br>.. ફસ્ટ એઇડ કીટ નકકી કરેલ કેદી પાસે હોવી જોઇએ... | Chapter II : Institutional Framework<br>સ્વીકાર સાથે આંશિક ફેરફાર નીચે મુજબના રહેશે,<br>નિયમ નં.૨.૦૯.૧<br>...છતની ઉંચાઇ ૧૪ ફુટ કરતા ઓછી ન હોવી જોઇએ.<br>નિયમ નં.૨.૦૯.૧૧<br>... ફસ્ટ એઇડ કીટમાંથી જોખમી વસ્તુઓ દુર કરી તેને કેદી પાસે રાખવાની રહેશે.<br>નિયમ નં.૨.૧૨.૨<br>રસોડાની જગ્યા ઓછામાં ઓછી ૧૫૦ ચો.મી. રહેશે.<br>નિયમ નં.૨.૧૩.૧<br>... જેલની સમાવેશ ક્ષમતાના ૨% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ હોવી જોઇએ.... પરંતુ બધી જેલોમાં પણ ૨% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ રાખવી જરુરી નથી. હાલ ડીસ્પેન્સરી છે તેનાથી ચલાવવાનું રહેશે અને સમયાંતરે કેદીઓના આરોગ્યનું જેલ કેમ્પસમાં જ યોગ્ય નિદાન થાય તેનું આયોજન કરવાનું રહેશે.<br>નિયમ નં.૨.૧૪.૨<br>... ફસ્ટ એઇડ કીટમાંથી જોખમી વસ્તુઓ દુર કરી તેને કેદી પાસે રાખવાની રહેશે. |
| 3 | Chapter III : Headquarters Organization<br>મુખ્ય મથકનું માળખું, સ્ટાફ અને ટ્રેનીંગ અંગેની જોગવાઇઓ પ્રસ્તુત પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter III : Headquarters Organization<br>હાલમાં કાર્યરત જેલનું વહીવટી માળખું અને તેને અનુષાંગીક જોગવાઇઓ યથાવત રાખવામાં આવે છે. |
| ૪ | Chapter IV : Institutional Personnel<br>સંસ્થાકીય કર્મચારીઓ, તેમની ફરજો વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter IV : Institutional Personnel<br>હાલમાં કાર્યરત જેલનું વહીવટી માળખું અને તેને આનુષંગીક જોગવાઇઓ યથાવત રાખવામાં આવે છે. |
| ૫ | Chapter V : Custodial Management<br>જેલમાં રહેલ કેદીઓની સુરક્ષા અને કસ્ટડી, ગાર્ડીંગ માળખું અને તેઓની કામગીરી, વોરંટ અંગેની કામગીરી, કેદીઓની ચકાસણી, કેદીઓની | Chapter V : Custodial Management<br>જેલનું હાલનું વહીવટી માળખું છે તે મુજબના અધિકારી/કર્મચારીઓમાંથી કવીક રીસ્પોન્સ ટીમ |

| | | |
|---|---|---|
| | મેડીકલ તપાસ અંગેની અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | બનાવવાની રહેશે તે સાથે સંપૂર્ણ પ્રકરણનો સ્વીકારમાં આવે છે. |
| ૬ | Chapter VI : Maintenance of Prisoners<br>કેદીઓના ખોરાક, ગર્ભવતી મહિલાઓની જરૂરિયાત, જરૂરી પોષણ, ખોરાકના ધોરણો, ખોરાકની જાળવણી, કપડા, રહેવાની વ્યવસ્થા અને હવા ઉજાસ, અધિકારીઓની સંરક્ષણ જવાબદારી અને પાણીની સપ્લાય અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે.<br>નિયમ નં.૬.૦૫ – ખોરાકના ધોરણો | Chapter VI : Maintenance of Prisoners<br>નીચે દર્શાવેલ ફેરફાર સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે.<br><br>નિયમ નં.૬.૦૫ - કેદીઓના ખોરાક અંગે સરકારના તા.૨૫/૦૭/૧૯૭૯, તા.૦૫/૧૧/૨૦૦૪ અને તા.૨૫/૦૮/૨૦૨૨ ના ઠરાવથી નક્કી થયેલ ખોરાકના ધોરણો રહેશે.<br>તે સિવાયની જોગવાઇઓનો તબક્કાવાર સ્વીકાર કરવાનો રહેશે જે માટે વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. |
| ૭ | Chapter VII : Medical Care<br>પ્રસ્તુત પ્રકરણમાં જેલ હોસ્પિટલ, મેડિકલ ઓફિસરની ફરજો, વેકસીનેશન અંગેની વિગતો દર્શાવેલ છે.<br>નિયમ નં.૭.03 –જેલ હોસ્પિટલ<br>...જેલની સમાવેશ ક્ષમતાના ૫% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ હોવી જોઇએ.... | Chapter VII : Medical Care<br>નિયમ નં.૭.03<br>... જેલની સમાવેશ ક્ષમતાના ૨% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ હોવી જોઇએ.... પરંતુ બધી જેલોમાં પણ ૨% જેટલી રહેવાની સગવડ ધરાવતી હોસ્પિટલ રાખવી જરૂરી નથી. હાલ ડીસ્પેન્સરી છે તેનાથી ચલાવવાનું રહેશે અને સમયાંતરે કેદીઓના આરોગ્યનું જેલ કેમ્પસમાં જ યોગ્ય નિદાન થાય તેનું આયોજના કરવાનું રહેશે. |
| ૮ | Chapter VIII : Contact with outside World<br>કેદીઓને મુલાકાત અને પત્ર વ્યવહારની સુવિધા અને અન્ય સુવિધા અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter VIII : Contact with outside World<br>સંપૂર્ણ સ્વીકાવામાં આવે છે. |
| ૯ | Chapter IX : Transfer of Prisoners<br>કેદીઓની બદલી અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter IX : Transfer of Prisoners<br>નિયમ ૯.03 - કેદીની રાજ્ય બદલી અંગેની સત્તા રાજ્ય સરકાર હસ્તક રહેશે.<br>નિયમ ૯.03.3 - જેલ બદલીની વર્તમાન જોગવાઇઓ ચાલુ રાખવામાં આવે છે.<br>કેદીઓની બદલી બાબતેની અન્ય જોગવાઇઓ સ્વીકારવામાં આવે છે. |
| ૧૦ | Chapter X : Repatriation of Prisoners<br>કેદીઓના પ્રત્યાર્પણ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter X : Repatriation of Prisoners<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૧ | Chapter XI : Execution of Sentences<br>કેદીઓની સજાના અમલ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XI : Execution of Sentences<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૧૨ | Chapter XII : Prisoners sentenced to death<br>મોતની સજા પામેલ કેદીઓ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XII : Prisoners sentenced to death<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૩ | Chapter XIII: Emergencies<br>જેલમાં આપાતકાલીન પરિસ્થિતિઓ અને તેને કંટ્રોલ કરવા સંબંધિત અને આપાતકાલીન વસ્તુઓ અને જરૂરી સુચનાઓ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XIII: Emergencies<br>જેલનું હાલનું વહીવટી માળખું છે તે મુજબના અધિકારી/ કર્મચારીઓમાંથી આપાતકાલીન પરિસ્થિતિ સામે પહોંચી વળવા માટે આંતરીક વ્યવસ્થા કરવાની રહેશે તે સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૪ | Chapter XIV : Education of Prisoners<br>કેદીઓના શિક્ષણ સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XIV : Education of Prisoners<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૫ | Chapter XV: Vocational training and skill development programs<br>કેદીઓને વ્યાવસાયિક તાલીમ અને કૌશલ્ય વિકાસ અંગેના પ્રોગ્રામ સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XV: Vocational training and skill development programs<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે.<br>જેલ ઓથોરિટી દ્વારા શ્રમ અને રોજગાર વિભાગના પરામર્શમાં આ જોગવાઇઓનો અમલ કરવાનો રહેશે. |
| ૧૬ | Chapter XVI : Legal Aid<br>કેદીઓને કાનૂની સહાય સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XVI : Legal Aid<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૭ | Chapter XVII: Welfare of Prisoners<br>કેદી કલ્યાણ સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XVII: Welfare of Prisoners<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૧૮ | Chapter XVIII: Remission<br>કેદીઓની સજા માફી, સજા માફી અંગેની કમિટી, પધ્ધતિ અને શરતો સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XVIII: Remission<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે.<br>રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા સજા માફી અંગે હાલમાં વિભાગની તા.૨૩/૦૧/૨૦૧૪ ની નીતિ મુજબ રાષ્ટ્રીય મહત્વના દિવસોએ રાજ્યમાફી આપવામાં આવે છે જ્યાં સુધી નિયમોમાં ફેરફાર ન થાય ત્યાં સુધી યથાવત રહેશે. |
| ૧૯ | Chapter XIX: Parole and furlough<br>કેદીઓને પેરોલ અને ફર્લો આપવા સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XIX: Parole and furlough<br>હાલમાં નવા પેરોલ-ફર્લો નિયમો બહાર પાડવાની બાબત વિચારણામાં જેનો સ્વીકાર કરવાનો રહેશે. |
| ૨૦ | Chapter XX: Premature release<br>કેદીઓની વહેલી જેલ મુક્તિ, વહેલી જેલ મુક્તિ અંગે પાત્રતાના ધોરણો, વહેલી જેલ મુક્તિ | Chapter XX: Premature release<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| | અંગેની પધ્ધતિ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | |
| ૨૧ | Chapter XXI : Prison Discipline<br>જેલ શિસ્ત, કેદીઓને શિક્ષા, કેદીઓની ફરજો, ફરિયાદ નિવારણ વ્યવસ્થા અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXI : Prison Discipline<br>નીચે મુજબની જોગવાઇઓ સાથે સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ નં.૨૧.૦૯ માં કેદીઓ દ્વારા આચરવામાં આવતા જેલ ગુના સાથે મુંબઇ જેલ મેન્યુઅલના નિયમ ૧૨૩૮ માં જણાવેલ જેલ પ્રતિબંધિત વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે.<br>વધુમાં મુંબઈ જેલ મેન્યુઅલમાં જેલમાં ગેંગવોર તેમજ અકસ્માત, આત્મહત્યા અને આગ લાગવાના કિસ્સાઓમાં શિસ્ત અંગેની જોગવાઇ છે તેનો સ્વીકાર કરવામાં આવે છે. |
| ૨૨ | Chapter XXII: After Care And Rehabilitation<br>કેદીઓની સંભાળ અને સમાજમાં પુર્નવસન સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXII: After Care And Rehabilitation<br>કેદીઓનું પુનવર્સન થઈ શકે તેમ માટે સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવતી જોગવાઇઓ સાથે આ પ્રકરણનો સંપૂર્ણ સ્વીકાર કરવામાં આવે છે. |
| ૨૩ | Chapter XXIII : Open Institutions<br>ઓપન/સેમી ઓપન સંસ્થા (કામના સ્થળો, ટ્રેનીંગ સંસ્થાઓ) સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXIII : Open Institutions<br>સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે. |
| ૨૪ | Chapter XXIV : Under trial Prisoners<br>અન્ડર ટ્રાયલ કેદીઓનું વર્ગીકરણ, જેલમાં પ્રવેશ, પોલીસ તપાસ, સુવિધાઓ, ખોરાક, કપડા, પત્ર વ્યવહાર અને મુલાકાત તથા અન્ય સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXIV : Under trial Prisoners<br>નીચે મુજબના ફેરફાર જોગવાઇઓ સાથે સંપૂર્ણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ ૨૪.૪૫ - વહીવટી કારણોસર અથવા આપાતકાલીન સ્થિતિમાં કાચા કામના કેદીની બદલી બાબતે નામ. કોર્ટની મંજૂરી પછી કેદીને બદલી કરવાની રહેશે.<br>નિયમ ૨૪.૬૧ માં રોજીંદી પ્રક્રિયા અંગે ટાઇમ લાઇન જેલ ઓથોરિટી દ્વારા નક્કી કરવાની રહેશે. |
| ૨૫ | Chapter XXV : High Risk Offenders and Detenues<br>જોખમી અપરાધીઓ અને અટકાયતીઓના વર્ગીકરણ, બીલ્ડીંગ નું માળખું, સુવિધાઓ અને સુરક્ષા તથા અન્ય સંબંધિત વિગતો પ્રસ્તુત પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXV : High Risk Offenders and Detenues<br>નીચે મુજબના ફેરફાર સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ નં.૨૫.૦૨ - માં જોખમી અપરાધીઓનું પ્રથમ ત્રણ કેટગરીમાં વર્ગીકરણ બાબતે હાલમાં જે જોગવાઇ છે તે યથાવત રાખવવામાં આવે છે. |
| ૨૬ | Chapter XXVI : Women Prisoners<br>મહિલા કેદીઓનું વર્ગીકરણ અને વહેંચણી, રજીસ્ટર, મહિલા કેદીઓના બાળકો અને અન્ય સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXVI : Women Prisoners<br>સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે. |
| ૨૭ | Chapter XXVII: Young offenders | Chapter XXVII: Young offenders |

| | | |
|---|---|---|
| | | નીચે દર્શાવેલ ફેરફાર સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ નં.૨૭.૦૫ (B) (v)<br>કિશોર અપરાધીઓને જામીન ઉપર મુક્ત કરવા શક્ય ન હોય ત્યારે તેઓને મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ ખાતેના એનેક્ષી ખાતે કેસની ટ્રાયલ દરમિયાન રાખવાના રહેશે.<br>નિયમ નં.૨૭.૦૬, ૨૭.૦૭ અને ૨૭.૦૮<br>મધ્યસ્થ જેલ/જિલ્લા જેલમાં કિશોર અપરાધીઓ માટે એનેક્ષીનો એક ભાગ રીસેપ્શન સેન્ટર તરીકે નિર્ધારિત કરવાનો રહેશે.<br>નિયમ ૨૭.૧૦<br>.... રિસેપ્શન સેન્ટર/રિસેપ્શન યુનિટના ઇન્ચાર્જને માત્ર તાલીમ અને સારવારની રેખાઓ જ સૂચવશે....<br>નિયમ નં.૨૭.૧૧<br>દરેક મધ્યસ્થ/જિલ્લા જેલ/ઓપન/ ખાસ જેલમાં કિશોર અપરાધીઓ માટે એનેક્ષી બિલ્ડીંગ હોવી જોઇશે. જેમાં કિશોર અપરાધીઓને એનેક્ષી બિલ્ડીંગમાં રાખવાના રહેશે.<br>નિયમ નં.૨૭.૧૨<br>કિશોર અપરાધીઓ માટેના એનેક્ષીને નીચે મુજબ વર્ગીકૃત કરવાની રહેશે.<br>(a) મધ્યસ્થ /જિલ્લા જેલમાં રાજ્ય સરકાર દ્વારા યુવા કિશોર અપરાધીઓ માટે મંજૂર એનેક્ષી તરીકે માન્યતા પ્રાપ્ત સંસ્થા રહેશે.<br>(b) ખુલ્લી જેલમાં કિશોર અપરાધીઓ માટે ઓપન એનેક્ષી રહેશે.<br>(c) ખાસ જેલ (મધ્યમ સુરક્ષા સંસ્થા)માં કિશોર અપરાધીઓ માટે વિશેષ એનેક્ષી રહેશે.<br><br>નિયમ નં.૨૭.૧૩<br>એનેક્ષીમાં કિશોર અપરાધીઓને સારવાર આપવીની રહેશે.<br><br>નિયમ નં.૨૭.૧૫<br>શરૂઆતમાં, બધા જ યુવાન અપરાધીઓ, સારા પૂર્વસૂચન આપતા, યુવાન અપરાધીઓ માટે એનેક્ષી તરીકે ઓળખાતી સંસ્થાઓમાં રાખવામાં આવી શકે છે. બાદમાં, તાલીમ અને સારવાર માટેના તેમના પ્રતિભાવોના આધારે, યોગ્ય યુવાન અપરાધીઓને ઓપન જેલમાં યુવાન |

| | | |
|---|---|---|
| | | અપરાધીઓ માટે ઓપન એનેક્ષીસમાં ટ્રાન્સફર કરવાના રહેશે. મુશ્કેલ, શિસ્ત અને સમસ્યાના કિસ્સાઓ અને છટકી જવાના જોખમો, ખાસ જેલમાં યુવાન અપરાધીઓ માટે વિશેષ જોડાણમાં મોકલવાના રહેશે. યોગ્ય સમયે, સંસ્થાકીય કાર્યક્રમ માટેના તેમના પ્રતિભાવોનું અવલોકન કર્યા પછી, આ યુવાન અપરાધીઓને ઓપન પ્રિઝન્સમાં યુવાન અપરાધીઓ માટે ઓપન એનેક્ષીસમાં ટ્રાન્સફર કરવાના રહેશે.<br>નિયમ નં.૨૭.૧૬<br>વૈવિધ્યસભર એનેક્ષીમાં કિશોર અપરાધીઓની નિમણૂક અંગેના નિર્ણયો વર્ગીકરણ સમિતિ દ્વારા લેવાના રહેશે. જેમાં પ્રશિક્ષિત અને અનુભવી સુધારાત્મક સંચાલકોનો સમાવેશ કરવાનો રહેશે.<br>નિયમ નં.૨૭.૧૭<br>કિશોર અપરાધીઓને અંતિમ ઉપાય તરીકે ખાસ જેલમાં આવેલ ખાસ એનેક્ષીમાં મોકલવાના રહેશે.<br>નિયમ નં.૨૭.૧૮<br>દરેક સંસ્થામાં નીચેનાનો સમાવેશ કરતું રિવ્યુ બોર્ડ રાખવાનું રહેશે.<br>..... ૧૦. જેલ ના અધિક્ષક (સભ્ય સચિવ)<br>નિયમ નં.૨૭.૧૯<br>....રિવ્યુ બોર્ડના સભ્ય દ્વારા એનેક્ષીની મુલાકાત લેવી જોઇએ....<br>નિયમ નં.૨૭.૨૩<br>પ્રસ્તુત જોગવાઇનો સ્વીકાર કરવા અંગે ભલામણ કરેલ નથી.<br>નિયમ નં.૨૭.૩૯<br>.... જેલ અધીક્ષકને જરૂરી જણાય તો મુક્ત કરાયેલ કિશોર અપરાધીને તેના ઘરે મોકલી શકશે અથવા.....<br>નિયમ નં.૨૭.૪૧<br>નોંધ: અધીક્ષક રોજીંદા પ્રોગ્રામમાં ફેરફાર કરી શકશે. |
| ૨૮ | Chapter XXVIII : Inspection of Prisons<br>જેલના નિરીક્ષણ સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXVIII : Inspection of Prisons<br>નીચે મુજબની વધારાની જોગવાઇ સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ ૨૮.૦૫<br>સિનિયર જેલર/ નાયબ અધિક્ષક ઇન્ચાર્જ, જેલના દરેક ભાગનું, ખાસ કરીને સેલ અને પથારીઓનું વારંવાર નિરીક્ષણ કરશે અને જોશે |

| | | |
|---|---|---|
| | | કે તે સ્વચ્છ અને વ્યવસ્થિત છે, અને વિવિધ બેરેક, યાર્ડ અને વર્ક-શેડમાં સુરક્ષાના સાધનો અસરકારક છે; અને અનિશ્ચિત સમયે અઠવાડિયામાં એક વાર દરેક કેદી, વ્યક્તિ, કપડાં અને પથારીની શોધ કરવાની રહેશે અથવા જોવાનું રહેશે કે ત્યાં કોઈ પ્રતિબંધિત વસ્તુઓ છુપાયેલી નથી અથવા કોઈ પણ વસ્તુ જે ભાગવામાં મદદ કરી શકે છે તે નથી. તારીખ, સમય અને બેરેક અથવા સેલની શોધ કરાયેલી વિગતો રજીસ્ટર નંબર 13 માં નોંધવાની રહેશે.<br>નિયમ નં.૨૮.૦૬<br>સિનિયર જેલર/નાયબ અધિક્ષક એ અઠવાડિયામાં એકવાર તમામ વોર્ડની મુલાકાત લેવાની રહેશે. મુલાકાતના સમય સાથે રજીસ્ટર નંબર 13 માં તેમની મુલાકાત દાખલ કરવાની રહેશે. જો કે આ જોગવાઇ અન્ય જેલરોને આ સંદર્ભમાં તેમની વ્યક્તિગત જવાબદારીઓમાંથી મુક્ત કરશે નહીં.<br>નિયમ નં.૨૮.૦૭<br>મેડિકલ ઓફિસરે સવારે ૧૦ વાગ્યા પહેલા હોસ્પિટલની મુલાકાત લેવાની રહેશે અને તમામ દાખલ અને અટકાયતમાં લેવાયેલા કેસો જોવાનો રહેશે અને તે તમામ કેદીઓ કે જેઓ હોસ્પિટલમાં આવ્યા છે અથવા મોકલવામાં આવ્યા છે તેમની સારવાર અંગે વ્યક્તિગત રીતે તપાસ કરવાની રહેશે અને ઓર્ડર આપશે. અગાઉની સવારે બિમારની સારવાર એ તબીબી અધિકારીની અંગત ફરજ રહેશે અને તે ગૌણ અધિકારીને સોંપવામાં આવશે નહીં. જ્યારે મોટી માંદગી પ્રવર્તે છે અથવા કેસની તીવ્રતાની આવશ્યકતા હોય ત્યારે તબીબી અધિકારીએ તેની ફરજો કાર્યક્ષમ રીતે નિભાવવા માટે જરૂરી હોય તેટલી વખત દરરોજ જેલની મુલાકાત લેવાની રહેશે. જો તે કોઈપણ માન્ય કારણસર કોઈપણ દિવસે જેલની મુલાકાત લેવા અસમર્થ હોય તો તેણે ધ્યાનની જરૂર હોય તેવા કેસોના સંદર્ભમાં તેના તાબાના અધિકારીઓને સૂચનાઓ જારી કરવાની રહેશે. આગામી મુલાકાત સમયે તેઓની ગેરહાજરીનું કારણ અને સમયગાળો રજીસ્ટર નંબર ૩૨ માં રેકોર્ડ કરવાનો રહેશે.<br>નિયમ નં.૨૮.૦૮ |

| | | |
|---|---|---|
| | | મધ્યસ્થ જેલમાં અધિક્ષક, અધિક અધિક્ષક, નાયબ અધિક્ષક અને સહાયક અધિક્ષકના કક્ષાના અધિકારીઓ;<br>જિલ્લા જેલોમાં અધિક અધિક્ષક, નાયબ અધિક્ષક, મદદનીશ અધિક્ષક અને સુબેદારના કક્ષાના અધિકારીઓ;<br>સબ-જેલોમાં નાયબ અધિક્ષક, મદદનીશ અધિક્ષક, સુબેદાર અને હવાલદારના કક્ષાના અધિકારીઓએ અનિશ્ચિત કલાકોમાં સપ્તાહમાં ઓછામાં ઓછી એક રાત્રિ મુલાકાત લેવાની રહેશે અને તેની યોગ્ય રેકર્ડમાં નોંધ રાખવાની રહેશે. |
| ૨૯ | Chapter XXIX : Board of Visitors<br>મુલાકાતી બોર્ડ સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXIX : Board of Visitors<br>સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે. |
| ૩૦ | Chapter XXX : Staff Development<br>જેલના સ્ટાફના વિકાસ, ભરતી અને નિમણૂંક, સેવાની શરતો અને પગાર ભથ્થા તથા અન્ય સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXX : Staff Development<br>હાલની જોગવાઇઓ મુજબ જેલ સ્ટાફનું માળખું યથાવત રાખવામાં આવે છે. |
| ૩૧ | Chapter XXXI: Prison Computerization<br>જેલના કમ્પ્યુટરાઇઝેશન સંબંધિત વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXXI: Prison Computerization<br>સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે. |
| ૩૨ | Chapter XXXII : Miscellaneous<br>જેલ વિકાસ અંગે પ્લાન, રાજ્ય સલાહકાર બોર્ડ, જેલ વિકાસ બોર્ડ અંગેની વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ છે. | Chapter XXXII : Miscellaneous<br>નીચે મુજબના ફેરફાર સાથે સંપૂર્ણ પ્રકરણ સ્વીકારવામાં આવે છે.<br>નિયમ ૩૨.૧૯ અને ૩૨.૨૦ ની અંદર સૂચિત જેલ વિકાસ બોર્ડમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના સ્થાને માનનીય રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અધ્યક્ષ સ્થાને વિકાસ બોર્ડ બનાવવાનું રહેશે. |